### ખેરાલુ પોલીસે તાજેતરમાં આ બન્ને યુવકની દારૂ ભરેલી બોલેરો ઝડપી હતી

# ગાડી ખરીદવા મિત્રોએ અપહરણનું તરકટ રચ્યું હોવાનો ઘટસ્ફોટ

## પાલનપુરમાં રહેતા ટેટોડાના યુવકે નવી ગાડી ખરીદવા માટે મિત્ર સાથે મળીને પોતાના અપહરણનો પ્લાન બનાવ્યો હતો



પાલનપુર, તા. ૨૯

પાલનપુરમાં પોતાની બહેનના ઘરે રહેતા ડીસા તાલુકાના ટેટોડા ગામના યુવકનું અપહરણ કરાય બાદ ફોન ઉપર રૂ ૩ લાખ ની ખંડણી માંગવાના બનાવમાં મોટો ઘટસ્ફોટ થયો છે પોલીસ તપાસમાં અપહુર્ત યુવકે તેના મિત્ર સાથે મળીને નવી ગાડી ખરીદવા માટે પોતાના અપહરણનુ તરખટ રચ્યું હોવાનું ખુલ્યું છે શહેર પૂર્વ પોલીસે પરીવાર પાસે થી પૈસા પડાવવા માટે મિત્ર ની મદદથી અપહરણ બાદ ખંડણી માંગવા નું નાટક રચનાર બંને યુવકોને ઝડપી પાડીને તેમની પૂછતાછ હાથ ધરવા માં આવી છે

પાલનપુરના જહાનારાબાગ નજીક આવેલ સમર્પણ સોસાયટીમાં પોતાના બનેવી મહાદેવભાઈ વજાભાઈ ચૌધરીના ત્યાં રહીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતો ડીસા તાલુકાના ટેટોડા ગામના રમેશભાઈ રણછોડભાઈ ચૌધરીનુ ગુરુવારે અજાણ્યા શખ્સો દ્વારા જહાંનારાબાગ નજીકથી અપહરણ કરવામાં આવ્યું હતું બાદમાં મલોસણા ગામના રાહુલ બોકા નામના યુવક દ્વારા અપહુર્ત યુવક રમેશના બનેવી મહાદેવભાઈ ચૌધરીના મોબાઈલ ઉપર તેમનો સાળો રમેશ તેમના કબજામાં છે અને તેને છોડાવવા માટે રૂ.૩ લાખની ખંડણી માંગવામાં આવી હતી અને ધમકી આપવામાં આવી હતી જેને લઈ સાળાના અપહરણ બાદ ખંડણી માંગવાને લઈ ગભરાઈ ઉઠેલા મહાદેવભાઈએ ફોન ઉપર ખંડણી માગનાર રાહુલ બોકા તેમજ અજાણ્યા ત્રણ શખ્સો વિરુદ્ધ પાલનપુર પૂર્વ પોલીસ મથકે અપહરણની ફરિયાદ નોંધાવી હતી જેને લઈ પશ્ચિમ પોલીસ મથકના પી.આઈ એમ.ડી પંચાલે બનાવ ની સઘન તપાસ હાથ ધરી હતી જેમાં લોકેશનના આધારે અપહુર્ત યુવક રમેશ અને અપહરણ કરનાર રાહુલ બોકા ને પાલનપુર માંથી ઝડપી પાડવામાં આવ્યા હતા અને બંનેની સઘન પૂછતાછ હાથ ધરવામાં આવી હતી જેમાં બંને યુવકો પોલીસ સમક્ષ ભાંગી પડ્યા હતા અને નવી ગાડી ખરીદવા માટે મિત્ર સાથે મળી ને અપહરણ નું નાટક રચ્યું હોવાની કબૂલાત કરી હતી રમેશ અને રાહુલ બંને મિત્રો હતા અને તેઓ તાજેતરમાં દારૂ ભરેલી બોલેરો લઈ ને જતા હતા ત્યારે પોલીસ ને દેખીને ગાડી મૂકી ને નાશી છૂટ્યા હતા અને દારૂ ભરેલી બોલેરો ખેરાલુ પોલીસે ઝડપી પાડી હતી જેને લઈ નવી ગાડી ખરીદવા માટે બન્ને મિત્રોએ અપહરણ અને ખંડણી માંગવાનો પ્લાન બનવ્યો હતો જોકે ગાડીનો શોખ પૂરો કરવા માટે અને પરીવાર પાસેથી પૈસા પડાવવા માટે અપહરણ નું નાટક રચનાર બંને મિત્રોની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી છે એને તેઓ અગાઉ કોઈ અન્ય ગુનામાં સંડોવાયેલ છે કે કેમ તે અંગે તપાસ હાથ ધરી છે

**બે મિત્રોએ ગાડીનો શોખ પૂરો કરવા અપહરણ નો પ્લાન બનાવ્યો**

પાલનપુર માં બેન ના ઘરે રહેતો રમેશ અને મલોસણા નો રાહુલ બંને મિત્રો છે જેઓ ગત.૨૪ જુલાઈ ના રોજ દારૂ ભરેલી બોલેરો લઈને ખેરાલુ માં પસાર થઈ રહ્યા હતા દરમ્યાન પોલીસ થી બચવા દારૂ ભરેલી ગાડી મૂકીને ભાગી છૂટ્યા હતા અને પોલીસે દારૂ ભરેલી ગાડી ઝડપી પડતા બંને મિત્રોએ ગાડીનો શોખ પૂરો કરવા અને પરિવાર પાસેથી પૈસા પડાવવા માટે અપહરણ નો પ્લાન બનાવ્યો હતો

# દૂધ સંજીવની યોજના બાળકો માટે જોખમી બનતી જાય છે

મોડાસા, તા. ૨૯

રાજયના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે રાજ્યમાં સૌપ્રથમ વાર અરવલ્લી જીલ્લાની પ્રાથમિક શાળાઓ તથા આંગણવાડી કેન્દ્રમાં ભણતા બાળકોના શારીરિક સ્વાસ્થ્ય નિરોગી અને કુપોષણ દૂર થાય તે માટે દૂધ સંજીવની યોજના શરુ કરવામાં આવી હતી અને આ યોજના રાજ્યના અન્ય આદિવાસી જીલ્લામાં અમલમાં મુકવામાં આવી હતી.

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ચાલુ સત્રથી જ દૂધ સંજીવની યોજના વિવાદનું કેન્દ્ર બની રહી છે સાબરડેરી તરફથી પૂરું પડાતું ફ્લેવર્ડ દૂધ ચોક્કસ સ્ટોરેજ વ્યવસ્થા જળવાય તો જ પીવા લાયક રહે છે અને યોગ્ય તાપમાન ન જળવાય તો દૂધ પીનાર બાળકો ફૂડ પોઈઝનિંગ અને બીમારીમાં પટકાઈ શકે છે.

દૂધ સંજીવની યોજના હેઠળ દૂધના ફ્લેવર્ડ પાઉચ સાબરડેરી થી બંને જીલ્લાના તાલુકાઓની પ્રાથમિક શાળાઓમાં પહોંચાડવાનું કામ



કરનાર કોન્ટ્રાકટર અને સબ કોન્ટ્રાક્ટરોએ અગમ્ય કારણોસર દૂધ પાઉચ રાખવા માટે આપેલ કેરેટ પરત લઈ લેતા શાળાના આચાર્ય અને મધ્યાહન ભોજન સંચાલકો માટે દૂધ સંજીવની હેઠળ શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે પુરા પડતા ફ્લેવર્ડ દૂધના પાઉચ સંગ્રહ કરવા માટે મૂંઝવણમાં મુકાઈ રહ્યા છે કેરેટના અભાવે ડોલ, તપેલા જેવા સાધનોમાં ફ્લેવર્ડ દૂધના પાઉચ રાખવા મજબુર બન્યા છે ફ્લેવર્ડ દૂધમાં તાપમાન ન જાળવતા ફ્લેવર્ડ દૂધનો સ્વાદ બદલાતા બાળકો પીતા પણ નથી હોતા જેથી દૂધના પાઉચ ફેંકી દેવા પડે છે રાજ્ય સરકાર દૂધ સંજીવની યોજના પાછળ વર્ષે દહાડે કરોડો રૂપિયા ખર્ચી રહી હોવા છતાં યોગ્ય વ્યવસ્થાના અભાવે હાલ આ યોજના બાળકો માટે ફારસ રૂપ બની રહી છે

મોડાસા તાલુકાની એક પ્રાથમિક શાળાના આચાર્યના જણાવ્યા અનુસાર દૂધ સંજીવની યોજનામાં દૂધના પાઉચ સંગ્રહ કરવાના કેરેટ પરત કરી લેવાતા પાઉચ પુરા પડતી કોન્ટ્રાકટર શાળાના સમય પહેલા પહોચેંતા શાળાના વર્ગખંડની બહાર ઠાલવી જતા રહેતા હોવાથી કુતરા, બિલાડા જેવા પ્રાણીઓ પાઉચ ખેંચી જતા હોવાથી બાળકો ફ્લેવર્ડ દૂધથી વંચિત રહે છે.

# બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ વિવિધ સ્પર્ધા યોજાઈ



ભિલોડા, તા.૨૯

બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ,મુંબઈ સંચાલિત સ્વ.શાંતાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ બામણામાં સપ્તધારા અંતર્ગત રંગ કૌશલ્યધારા રંગોળી અને મહેંદી સ્પર્ધાનું કોલેજ પ્રિ.ડૉ.કલ્પનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી.સ્ટાફ ગણની ઉપસ્થિતીમાં કાર્યક્રમનું સુંદર આયોજન કરાયું હતું.નિર્ણાયકો પ્રો.એન.આર.જોષી,પ્રો.બ્રિજેશ પંચાલ,પ્રો.પ્રજ્ઞાબેન પંચાલએ સ્પર્ધકોને વિજેતા જાહેર કરીને પ્રોત્સાહિત કર્યા હતા.સપ્તધારા અંતર્ગત રંગ કૌશલ્યધારા રંગોળી અને મહેંદી સ્પર્ધાનું આયોજન ડૉ.ભીખાભાઈ પટેલએ કર્યું હતું.



હિંમતનગર ખાતે ભાજપાના સભ્ય નોંધણી અંતર્ગત આજરોજ તલોદ તાલુકાના ધી દેવીયા દુધ મંડળી માં સાબરડેરીના અને સાબરકાંઠા બેન્ક ચેરમેન મહેશભાઈ પટેલ તથા ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારની ઉપસ્થિતિમાં નવીન સભ્યો બનાવવામાં આવ્યા હતા જે તસ્વીરમાં નજરે પડે છે.

# વડગામ તાલુકા પંચાયતની સામાન્ય સભા પોલીસ બંદોબસ્ત વચ્ચે યોજાઈ

## પોલીસ બંદોબસ્ત થી સામાન્ય સભામાં નવાજુની થવાની ચર્ચા : કોંગ્રેસ દ્વારા વીપ મોકલતાં ટીડીઓ દ્વારા કોંગ્રેસના સદસ્યોને વાંચી સંભળાવીને સભાની શરૂઆત કરી



વડગામ, તા. ૨૯

વડગામ તાલુકા પંચાયત માં કોંગ્રેસ ની સ્પષ્ટ બહુમતી મતિ હોવા છતાં કોંગ્રેસ વિવાદો માં રહેવા પામી છે. તાલુકા પંચાયત માં પ્રમુખ, અધ્યક્ષ,અને સામાજિક ન્યાય સમિતિ ના ચેરમેન ની વરણી થઈ ત્યારથી જ કોંગ્રેસ શાસિત તાલુકા પંચાયત માં ગ્રહણ લાગ્યું છે અને સદસ્યો માં વિવાદ સર્જાયો રહ્યો છે તાલુકા પંચાયત ના પદાધિકારીઓ ની વરણી વખતે તાલુકા પંચાયત તુટતી બચી હતી ત્યાર થી આજ દીન સુધી કોંગ્રેસ તાલુકા પંચાયત માં વહીવટી પણ કરી શકતી નથી અનેક વિવાદોને માં ઘેરાતી રહી છે આજે તાલુકા પંચાયત ના હોલમાં યોજાયેલી તાલુકા પંચાયત ની સામાન્ય સભામાં પોલીસ બંદોબસ્ત જોતાં જ તાલુકા પંચાયત માં નવાજુની થવાની ચર્ચા ઓ સદસ્યો માં જ થઈ રહી હતી પરંતુ સામાન્ય સભા સુખરૂપ રીતે પૂર્ણ થતાં તાલુકા પંચાયત ના પ્રમુખ અને કોંગ્રેસ ના સદસ્યો એ હાશકારો અનુભવ્યો હતો સામાન્ય સભામાં શેરપુરા (મ) ના સરપંચ ના રાજીનામા અંગેની ચર્ચા કરાઈ હતી તેમજ વરસડા થી મગરવાડા આવવા ના રસ્તા ઉપર વરસાદ પડતાં જ પાણી ભરાઈ રહેતું હોવાની રજૂઆત સદસ્ય દ્વારા કરાઈ હતી તથા પ્રધાનમંત્રી આવાસ યોજના માં નવા નામ દાખલ કરવા પણ સદસ્યો દ્વારા રજૂઆત કરાઈ હતી અને તાલુકા પંચાયત માં સદસ્યો ના વાહનો પાર્ક કરવા દેવા બાબતે પણ તાલુકા વિકાસ અધિકારી સમક્ષ રજુઆત થઇ હતી છેલ્લે શાન્તિ પૂર્ણ માહોલમાં સભા પૂર્ણ થતાં વહીવટી તંત્ર દ્વારા પણ હાશકારો અનુભવ્યો હતો.

# ખેડબ્રહ્મામાં ૧,૭૩,૮૦૦ના દારૂ સાથે એકને ઝડપી પાડતી જીલ્લા એલસીબી

ખેડબ્રહ્મા, તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકો રાજસ્થાન બોર્ડરને અડીને આવેલા હોઈ દારૂ ની હેરાફેરી માટે જાણીતો છે. જેને લાઈ પોલીસ દ્વારા અવાર નવાર દારૂના વાહનો ઝડપી લેવામાં આવે છે. શનિવાર રાત્રીના એલ.સી.બી.ધ્વારા એક ઈસમને દારૂની હેરાફેરી કરતા ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર પોલીસ સ્ટાફના સનાતકુમાર, પ્રકાશભાઈ, વિજયભાઈ વિગેરે ખાનગી વાહનમાં લક્ષ્મીપુરા ચાર રસ્તા પાસે પેટ્રોલિંમાં હતા ત્યારે એલસીબી પી.સેસ.આઈ વી.આર.ચાવડા ને બાતમી માલી હતી કે માતાજી મંદિર પાછળના રોડ પરથી એક સફેદ કાર દારૂ ભરી આવી રહી છે જેથી પોલિસે માતાજી મંદિર પાછળ રોડ પર વોચ ગોઠવી હતી. તે દરમ્યાન રાત્રીના સમએ માતાજી કંપા તરફથી એક સફેદ મારુતિ એસ.એક્સ.૪ કાર ન. જી.જે.૧.કેડી.૧૭૨૦ આવતા પોલીસ ધ્વારા ગાડી રોકવા બત્તીમારી રસ્તો બ્લોક કરવામાં





આવ્યો હતો. જેથે ગાડીના ચાલકે ગાડી ઉભી રાખી ભાગવા લાગેલ જેથી પોલીસે તેને ઝડપી પાડી ગાડીમાં તાપસ કરતા અંદર પાછળની સીટમાં ઈંગ્લીશ દારૂની પેટીઓ પડેલ હોઈ ડ્રાઈવેરનું નામ પૂછતા અભિષેક ઉર્ફે આશિષ જયંતીભાઈ ભાટિયા, રહે બેરના રોડ, હિમતનાગરનું જણાવેલ અને આ દારૂ આશિષ ઉર્ફે આશુ રમેશ અગ્રવાલ આબુરોડ માટે રાજસ્થાનના મામેર થી આશિષ અને મહેન્દ્રભાઈ દ્વારા ગાડી ભરી આપવામાં આવી હતી અને ઈડર થઈ મહેસાણા પહોંચાડવાની હતી જેથી પોલીસે ગાડીમાંથી ઈંગ્લીશ દારૂની ૩૫ પેટીમાં ૯૩૪ બોટલ દારૂ ની કિંમત ૧૭૩૮૦૦ એક મોબાઈલ ૫૦૦ તથા એક ગાડી ૫,૦૦,૦૦૦ માલી કુલ ૬૭૪૩૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડી. અભિષેક ઉર્ફે આશિષ જયંતીભાઈ ભાટિયા રહે. હિંમતનગર, આશિષ ઉર્ફે રમેશચંદ્ર અગ્રવાલ, આબુરોડ મહેન્દ્ર ધીરુભાઈ રાઠોડ , ક્રિષ્નનાગર ડીસા અને જેકી મોદી રહે.ડીસા વિરુદ્ધ ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# માતૃશ્રી એસ.એસ.ગોવિંદા બી. એડ્. કોલેજ દ્વારા એક દિવસીય પ્રવાસનું આયોજન

પાલનપુર, તા. ૨૯

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત માતૃશ્રી એસ.એસ.ગોવિંદા બી. એડ્. કોલેજ દ્વારા સેમેસ્ટર ૩ ના તાલીમાર્થી માટે વડોદરા ખાતે એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યાં સયાજી બાગ, મ્યુઝિયમ, પ્રાણી સંગ્રહાલય અને પક્ષી ઘરની મુલાકાત લીધી હતી. આ એક દિવસીય પ્રવાસમાં કોલેજ સ્ટાફ તથા તાલીમાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ સાથે જોડાયા હતા અને મજા માણી હતી.

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત માતૃશ્રી એસ.એસ.ગોવિંદા બી. એડ્. કોલેજ દ્વારા સેમેસ્ટર ૩ ના તાલીમાર્થી માટે વડોદરા ખાતે એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.



હિંમતનગર ખાતે સશક્ત ભારતના સ્વપ્નને સંપૂર્ણ સાકાર કરવા ભારતીય જનતા પાર્ટી દ્વારા સદસ્યતા વૃધ્ધિ અભિયાન અંતર્ગત પ્રાંતિજ તાલુકાના સોનાસણ ખાતે સાબર ગ્રામ સેવા મહાવિદ્યાલયમાં વિદ્યાર્થીઓ પક્ષની વિચારધારા સાથે જાડાઈ નવા સભ્યો બન્યા હતા. આ પ્રસંગે સાબરકાંઠા બેન્ક અને સાબરડેરીના ચેરમેન તથા સાબર ગ્રામ સેવા મહાવિદ્યાલયના ઉપપ્રમુખ મહેશભાઈ એ.પટેલે જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલનું સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે સભ્યનોંધણી ના જીલ્લા ઈન્ચાર્જ વિજયભાઈ પંડ્યા, અસીમ પટેલ વગેરે જાડાયા હતા.

# અરવલ્લી જિલ્લા સામાજિક સમરસતા મંચના ઉપક્રમે દરેક સમાજના કાર્યકરો સાથેનો વિચાર-વિમર્શ-અને સંઘોષ્ટિ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લા સામાજિક સમરસતા મંચ ના ઉપક્રમે દ્વારા દરેક હિન્દૂ સમાજ માં સમરસતા આવે અને જાતિ જ્ઞાતિ વચ્ચે ના ભેદભાવો દૂર થાય તે માટે સમગ્ર દેશ માં ઉમદા કામગીરી કરી રહ્યું છે ત્યારે આ કાર્યક્રમ ની સફળતા પાછળ અરવલ્લી જિલ્લા સામાજિક સમરસતા મંચ ના ઉપક્રમે મોડાસા કોલેજ માં આવેલ ભામાશા હોલ માં વિચાર- વિમર્શ - સંઘોષ્ટિ કાર્યક્રમ યોજાયો જેમાં આરએસએસ ના અખિલ ભારતીય સહ બૌદ્ધિક પ્રમુખ આદરણીય સુનિલ ભાઈ મહેતાનું માર્ગદર્શન પ્રાપ્ત થયું . જેમાં તમામ જાતિ ના તમામ જ્ઞાતિ વેપારીઓ પ્રબુદ્ધ નાગરિકો મહિલાઓ સહિત અબાલ વૃદ્ધ સૌ કોઈ ખૂબ મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા સૌ પ્રથમ કાર્યક્રમ ની શરૂઆત માં સત્યમ શિવમ સુંદરમ પ્રાર્થના કરવામાં આવી હતી અને આ પ્રાર્થના ની ઉર્જા થી ભવ્યતા પૂર્વક કાર્યક્રમ નો પ્રારંભ કરવામાં આવ્યો હતો અરવલ્લી જિલ્લા સામાજિક સમરસતા મંચ ના અધ્યક્ષ અને સમગ્ર કાર્યક્રમ ના કર્તા હર્તા ચંદ્રકાન્ત ભાઈ પટેલે મંચ પર ઉપસ્થિત મહાનુભાવો નો પરિચય કરાવી સ્વાગત પ્રવચન કરી આવકાર્યા હતા અને સામાજિક સમરસતા વિશે ટૂંક માં જાણકારી આપી હતી ત્યારબાદ મહંત શ્રી બાલકદાસજી દ્વારા ઉપસ્થિત તમામ કાર્યકરો ને આશીર્વચન પાઠવ્યા હતા કાર્યક્રમ ના મુખ્ય વક્તા સુનિલ ભાઈ મહેતા એ હાલ વ્યક્તિ - વ્યક્તિ સમાજ -



સમાજ અને જાતિ - જાતિ વચ્ચે જે વય મનસ્ય વધવા લાગ્યું છે એવામાં આ તાણા વાણા ની નીતિ માંથી હિન્દૂ સમાજ બહાર આવે તે અંગે સુંદર બૌદ્ધિક ઉપસ્થિત તમામ સમાજ ના કાર્યકરો ને પીરસ્યું હતું ત્યારબાદ તમામ સમાજ ના કાર્યકરો સાથે બેસી વિચાર - વિમર્સ - અને ગોષ્ટિ અંતર્ગત ચર્ચા કરવામાં આવી હતી અને છેલ્લે તમામ સમાજ માં ઉપસ્થિત કાર્યકરો એ સામાજિક સમરસતા પ્રમાણે સાથે ભોજન લઈ કાર્યક્રમ ને વિરામ આપવામાં આવ્યો હતો આ સમગ્ર સફળ કાર્યક્રમ નું આયોજન અરવલ્લી જિલ્લા સામાજિક સમરસતા મંચ ના અધ્યક્ષ ચંદ્રકાન્ત ભાઈ અને તેમની ટીમે કર્યુ હતું કાર્યક્રમમાં થયેલ સંગોષ્ઠી વખતે ભાવુક દશ્યો પણ જોવા મળ્યા હતા.

# પ્રાંતિજના મોયદ ખાતે સ્વામિનારાયણ મંદિર ખાતે હિંડોળા મહોત્સવ

## દરરોજ વિવિધ પ્રકારના હિંડોળા બનાવવામાં આવે છે : મોયદ તથા આજુબાજુના હરિભક્તો હિંડોળાના દર્શન માટે ઉમટી પડે છે









પ્રાંતિજ તા. ૨૯,

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના મોયદ ખાતે આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે દરવર્ષ ની જેમ આ વર્ષે પણ હિંડોળા મહોત્સવ નો પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમાં મંદિર ના સ્વામી શ્રી ગોપાલદાસજી ના હસ્તે હિંડોળા પ્રદર્શન હરિભક્તો માટે ખુલ્લું મુકવામાં આવ્યુ છે.

મોયદ ખાતે આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે આ વર્ષે પણ મંદિર ના મહંત સ્વામી શ્રી ગોપલદાસજી તથા સમસ્ત સત્સંગ સમાજ સ્વામિનારાયણ મંદિર દ્વારા હિંડોળા દર્શન હરિભક્તો માટે ખુલ્લું મુકવામાં આવ્યું છે જેમાં હરિભક્તો બાળકો સહિત ધર્મ પ્રેમી લોકો હિંડોળા ના દર્શન ના લાભ લઈ ધન્યતા અનુભવી હતી તો મંદિર ચોક માં મોટા ઓ બાળકો ગરબે ઘુમતા નજરે પડયા હતાં તો મંદિર સંકુલમાં યંત્ર યુગમાં યંત્ર ની મદદથી ભગવાન સ્વામિનારાયણ નો અભિષેક માટે નું બનાવેલ યંત્ર આ વર્ષે આકર્ષણ નું કેન્દ્ર રહ્યું છે અને હરિભક્તો કે નાના થી મોટા સોવકોઈ માત્ર એક રૂપિયા નો સિક્કો નાખીને ભગવાન શ્રી સ્વામિનારાયણ નો અભિષેક કરવા માટે લાંબી લાંબી કતારો લાગે છે તો મંદિર માં દરરોજ વિવિધ પ્રકારના હિંડોળા નું આયોજન કરવામાં આવેછે જેમાં મોયદ તથા આજુબાજુના ગામો ના હરિભક્તો સહિત ધર્મ પ્રેમી લોકો હિંડોળા ના દર્શન કરવા ઉમટી પડે છે અને દર્શન કરી ધન્યતા અનુભવે છે.